Volume 3, Issue 01
April
2026

# HARIRAJ CHARITABLE TRUST

## NEWS AND UPDATES

૨૬ – ઓમનગર (૩), જી.આઈ.ડી.સી. પાછળ, હનુમાનપરા રોડ, અમરેલી - ૩૬૫૬૦૧, ગુજરાત

### રીલ માર્ક્સ -વડોદરા

રીલ માર્ક્સ પ્રોજેક્ટ હેઠળ ખેતરોમાં આરોગ્ય સલામતી સુનિશ્ચિત કરવા માટે લીડ ખેડૂતોને પીપીઈ કીટનું વિતરણ કરવામાં આવ્યું અને જંતુનાશકના છંટકાવ દરમિયાન તેમના મહત્વ સમજાવવા જાગૃતિ સત્રો યોજવામાં આવ્યા. કાર્ય વિસ્તારની ટીમ દ્વારા ૬૫ માટીના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા સાથે સાથે ખેડૂતોને સચોટ પરીક્ષણ માટે માટીના નમૂના લેવાની યોગ્ય પદ્ધતિઓ પર માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં વિશ્લેષણ માટે ૭ પાણીના નમૂના એકત્રિત કરવામાં આવ્યા હતા.










## રીલ રીજન કોટડા - ગોંડલ તાલુકો

રીલ ફાર્મર પૂલ પ્રોજેક્ટ અંતર્ગત કપાસની સાંઠીનો ઉપયોગ કરીને બાયોચાર ઉત્પાદન માટે પાયલોટ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી. જેમાં ટિલ્ટિંગ-ટાઇપ કોન-ટીકી ભઠ્ઠા (૧૦૦૦ લિટર ક્ષમતા) નો ઉપયોગ કરવામાં આવ્યો. આવી પ્રક્રિયા દ્વારા ઉત્પાદિત થતા બાયોચારનાં સૂક્ષ્મકણોને જમીનમાં ભેળવવામાં આવે છે જે જમીનની ફળદ્રુપતા અને ગુણવત્તા વધારવામાં મદદ કરે છે. અત્યાર સુધીમાં ૫૦ ના લક્ષ્યાંક સામે ૧૭ યુનિટ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. આ પ્રવૃત્તિ કાર્યવિસ્તારની ટીમ દ્વારા નાના સખપર, સાજડીયાળી, ધરાળા અને રામોદ ગામમાં કરવામાં આવી. કાર્યવિસ્તારની ટીમ દ્વારા દરેક ગામમાંથી વાવણી પહેલાં માટી પરીક્ષણ માટે નમૂનાઓ એકત્રિત કરવાનું પણ શરૂ કર્યું હતું જેમાં દરેક ગામમાંથી ૨૯ માટીના નમૂનાઓ અને નિયંત્રણ ખેડૂતો પાસેથી ૩ નમૂનાઓ એકત્રિત કરીને પરીક્ષણ માટે બેંગલોર મોકલવામાં આવ્યા. આ ઉપરાંત મેલ એપ પર પ્રોજેક્ટને લગતી વિગતો જેવીકે ખાતર અને જંતુનાશકોના બિલ તેમજ વીણી અને વેચાણના ડેટા અદ્યતન કરવામાં આવ્યા.



## રીલ ફાર્મર પૂલ પ્રોજેક્ટ અંતર્ગત ગોંડલ ઓફીસ ખાતે તા.૩૦-૦૪-૨૦૨૬ અને ૦૧-૦૫-૨૦૨૬ના રોજ TOT-01 યોજવામાં આવી. જેમાં કોટનકનેક્ટમાંથી અમિતભાઈએ હાજર રહી તાલીમ આપી હતી.









# લેખન સત્ર

૧૪ એપ્રિલના રોજ કાર્ય વિસ્તારની ટીમ સાથે એક લેખન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિગતવાર SWOT વિશ્લેષણ (શક્તિ, નબળાઈઓ, તકો અને જોખમો) પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. આ સત્રમાં ચર્ચા અને ચિંતનને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું, જેનાથી ટીમને વ્યક્તિગત અને વ્યાવસાયિક વિકાસના સુધારણા અને વ્યૂહાત્મક આયોજન માટેના મુખ્ય ક્ષેત્રોને ઓળખવામાં મદદ મળી હતી.





## વાંચન સત્ર

આ મહીને કુલ ૦૪ વાંચન સત્રો યોજાયા જેમાં તા. ૩ અને ૧૦ એપ્રિલના રોજ 'સાંભળવું' તા. ૧૭ એપ્રિલના રોજ "નેતૃત્વમાં સંચાર કૌશલ્ય અને વિશ્લેષણ' અને ૨૪ એપ્રિલના રોજ 'સંવેદનશીલતા, હિંમત, સંતુલન અને પરિપક્વતા' જેવા વિષયો પર ચર્ચા કરવામાં આવી હતી, જેના દ્વારા નવી વસ્તુઓ શીખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.




Watch useful YouTube videos on project activities run by the organization and subscribe to our channel : Click here